ISSN 2454-8596
www.MyVedant.com

An International Multidisciplinary Research E-Journal

# ડો.બી.આર આંબેડકરજીના જીવન ના ઐતિહાસિકતથ્યો

**Dr Jiteshkumar Abhabhai Sankhat**

Assistant Professor

**પૂર્વભૂમિકા**

ભારતમાં સૌથી વધારે શિક્ષણ પ્રાપ્ત કરનાર , સૌથી વધારે પુસ્તકોનું વાંચન કરનાર, તેમજ પુસ્તકોનું લેખન કરનાર, સૌથી વધારે ટાઈપિંગ કરનાર, તેમજ ટાઈપીંગમાં સૌથી વધારે સ્પીડ ધરાવનાર, બંને હાથે લખનાર, ૧૮ થી ૨૦ કલાક અભ્યાસ કરનાર, રાજકીય અને સામાજિક સ્વાધિનતા માટે આંદોલન કરનાર, પછાત, શોષિત ,પીડિત, ગરીબો અને દલિતો માનવીય અધિકારો અપાવનાર,પ્રથમ એક એવા રાજનેતા તજેઓએ સમગ્ર ભારતીય મહિલાઓના અને અધિકાર માટે સાંસદ માંરાજીનામુ આપનાર, જાતિવાદને નાશ કરવા માટે સૌપ્રથમ આંતરજ્ઞાતિય લગ્ન કરનાર, સામાજિક, આર્થિક, રાજકીય અને ધાર્મિક સમર્થ અને સમરસ સમાજના પક્ષીરધ , સમાજ અને રાષ્ટ્રના કલ્યાણ માટે ચાર સંતાનોની કુરબાની આપનાર મહાપુરુષ ,બે લાખથી વધારે પુસ્તકોનું વાંચન કરી જીવનમાં ઉતારનાર,ભારતીય બંધારણના શિલ્પકાર, બધી જ ગોળમેજી પરિષદમાં ભાગ લેનાર એકમાત્ર ભારતીય ,પુના કરાર કરી મહાત્મા ગાંધીને જીવનદાન આપનાર, મુકનાયક, બહિષ્કૃત ભારત, જનતા સમતા , જેવા અનેક સમાચાર પત્રો અને પત્રિકબહાર પાડનાર, હોશિયાર અને કાબીલ એડવોકેટ , શ્રેષ્ઠ શિક્ષક અધ્યાપક અને પ્રિન્સિપાલ તેમજ શ્રેષ્ઠ આયોજકતેમજ કાબીલ નેતા , યોગને જીવનમાં ઉતારનાર, સત્યનિષ્ઠ પ્રામાણિક તેમજ સરળ વ્યક્તિત્વ ધરાવનાર, સરદાર વલ્લભભાઈ પટેલને ઓબીસી નો મતલબ સમજાવનાર, સ્કૂલની બહાર બેસી અપમાનો સહન કરી શ્રેષ્ઠ શિક્ષણ પ્રાપ્ત કરનાર, ડો ભીમ રાવ આંબેડકર અનેક વૈશ્વિક રેકોર્ડ બનાવનાર મહામાનવ છે. જેમના ઐતિહાસિક તથ્યોને ટૂંકીમાં સમરી આ શોધ પત્રમાં મુકવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે

**ડો ભીમ રાવ આંબેડકર જન્મ**

ડો ભીમ રાવ આંબેડકર નો જન્મ 14મી એપ્રિલ ૧૮૯૧ના રોજ મધ્યપ્રદેશના મહુ છાવણી માં થયો હતો તેમના દાદાજી માંલોજી સકપાલ મહાર જાતિના પ્રતિષ્ઠાત વ્યક્તિ હતા. તેમના પિતાનું નામ રામજી સક્પાલ અને માતાનું નામ ભીમાભાઇ હતું

## ડો ભીમ રાવ આંબેડકર સંક્ષિપ્ત પરિચય તેમજ ઐતિહાસિક તથ્યો

ડૉ.બાબાસાહેબ આંબેડકરના જીવનનો અભ્યાસ કરવામાં આવે તો ફલિત થાય છે કે તેઓ વ્યવસ્થાવાદી સમાજના સુધારક હતા.સમાજ સુધારકો ની જેમ ડૉ.બાબાસાહેબે પહેલા સામાજિક પુનરર્ચના નું કામ હાથ માં લીધું.એમ છતાં ત્રીજી ગોળમેજી પરિષદ બાદ એ રાજકીય સુધારાઓ અંગે ઉડાણથી વિચારવા લાગ્યા.સન ૧૯૪૦ થી સમાજવાદ,ગાંધીવાદ,પાકિસ્તાન,સંયુક્ત રાજ્ય,ભાષાકીય રાજ્ય,બંધારણ જેવા અનેક વિષયોનો પ્રગાઢ અભ્યાસ કર્યો અને તે વિષય પર તેમણે પોતાના ચિંતનાત્મક ,વિચારપ્રવતક અને માર્ગદર્શન અભિપ્રાય વ્યક્ત કરી તેમના વ્યક્તિત્વ અને વિચારોની વિશાળતાના દર્શન કરાવ્યા .

ગ્રામ્સંસ્થાઓને કારણે ભારતીય સમાજ સેકડો વર્ષ સ્થિર રહ્યો .પરંતુ તેની ગતિશીલતા નાશ પામી ગામડું એટલે દેશ ના એક સ્થાનિકવાદનું કુંદાળું જે અજ્ઞાનની ,સંકુચિત મનની અને જાતીયવાદ ની ગુફા છે આબેડકરની એમની લેબર પાર્ટી દ્વારા મહાર વતનોમાંથી મુકત કરવા અને કોકણના ગણોતિયાઓને ખેતીના સંકજામાંથી છોડવવાનો પ્રયાસ કર્યો તેમણે મજદુરનો પક્ષ લઇ જુલમી કાયદા સામે પ્રચંડ આંદોલન શરુ કર્યું. બાબાસાહેબ મજદુર નેતા તરીકે પ્રખ્યાત થયા.

ડૉ.બાબાસાહેબ કહેતા કે એકપક્ષીય લોકશાહીની પધ્ધતિ મારક છે.રાજ્યતંત્ર ચલાવવા માટે પક્ષોની જરૂર પડે.બે પક્ષો હશે તો જ લોકશાહી સરકાર લોકશાહી તત્વાનુંસાર ચાલશે અને આ બે પક્ષો એટલે સત્તાધારી પક્ષ અને વિરોધપક્ષ અને વળી જે પક્ષમાં સ્ત્રીઓ ,મુસ્લીમો, પછાતવર્ગો અને દલિતોનું પ્રાધાન્ય હશે તે જ પક્ષ દેશને સુખી કરી શકશે. મુક્ત કરી .હિંદુસમાજને એક સશક્ત સમાજ બનાવી તેઓને હિન્દુઓને એક સૂત્રમાં પરોવવા માંગતા હતા.ડૉ ભારતીય સ્ત્રીઓની દયાજનક સ્થિતિ પણ તેમણે દૂર કરવી હતી.હિંદુ સમાજને રુઢી-

ISSN 2454-8596
www.MyVedant.com
VIDHYAYANA
An International Multidisciplinary Research E-Journal

રિવાજોના .આંબેડકરે ભારતીય સંવિધાન કલમ ૧૪-૧૫ અન્વયે લિંગભેદ નષ્ટ કરી .હિંદુ મહિલાઓને દયાજનક પરિસ્થિતિમાંથી મુક્તિ આપવા .

હિન્દુધર્મના અસંખ્ય શાસ્ત્રો ,સ્મૃતિઓ ,સામાજિક પરંપરાઓનું ગહન અધ્યયન કરી હિદનું કોડ બિલનું સર્જન કર્યું જવાહરલાલ નહેરૂએ હિદુકોડ બીલની જે ચાર ધારાઓ પસાર થઇ હતી તે પણ રાજેન્દ્ર પ્રસાદના રાજીનામાની ધમકીને કારણે રદ કરવામાં આવી .અને ડૉ .આંબેડકર ભારતીય મહિલાઓની મુક્તિ માટે ખૂબ ઝઝૂમ્યા .તેમણે હિન્દુકોડ બિલ માટે ખાસ એટલે ઉત્સાહ હતો કે જેનાથી સ્ત્રીઓને વારસાઇ હક્ક ,ભરણપોષણ ,લગ્ન ,છૂટાછેડા ,વાલીપણું ,દતક ,સગીરપણું જેવી અનેક સ્ત્રીલક્ષી કાયદાઓનો સમાવેશ થતો હતો .અંતે હિદુકોડ બિલનો કરૂણ રકાસ થયો .ડૉ .આંબેડકરનું હિદુસમાજને એક સંહિતા એ સાંકળવાનું તેમનું સ્વપ્ન ભાંગી ગયું .

વંચિતો માટે લડનાર બે મહામાનવો માં એક અમેરિકાના માર્ટીન લ્યુથર કિંગ અનેબીજા હિન્દુસ્તાનના ડો. બાબા સાહેબ આંબેડકર આ બનેએ પોતાનું જીવન કચડાયેલા, દબાયેલા, વંચિત, શોષિત પીડિત સમાજને ન્યાય અપાવવા માટે ખર્ચી નાખ્યું વધુ હતું.

## ડો ભીમ રાવ આંબેડકર વિવિધ ભાષાઓના જાણકાર

બાબાસાહેબ આંબેડકર નવ ભાષાના જાણકાર હતા. માતૃભાષા મરાઠી, હિન્દી, અંગ્રજી, સંસ્કૃત,ગુજરાતી, પારસી ,જર્મન ,ફ્રેન્ચ તેમજ પાલી ભાષા ઉપર પ્રભુત્વ ધરાવતા હતા .તેમને પાલી ભાષા નો વ્યાકરણ શબ્દકોશ તૈયાર કરેલ જે મહારાષ્ટ્ર સરકારે Dr.Babasaheb Ambedkar Writing And Speeche Vol 5 થી પ્રકાશિત કરેલ છે.

## ડો બાબાસાહેબ બનાવેલા વિધેયકો / બીલ

મહાર વેતન બીલ, હિન્દુ કોડ બીલ, ખોતી બીલ ,જનપ્રતિનિધિ બીલ ,મંત્રીઓના વેંતન અંગેનું બિલ ,મજુરોના વેતન અંગે નું બિલ , રોજગારી વિનિમય સેવા બીલ ,પેન્શન બિલ, ભવિષ્ય નિર્વાહ નિધિ પી એફ બીલ વગેરે

હિંદુકોડ બિલના મુસદ્દામાંથી મહત્તમ બાબતો લઇ ચાર ભાગમાં વહેચવામાં આવ્યું. ૧ હિંદુ લગ્નનો કાયદો ૧૯૫૫ ૨ હિંદુ વારસાનો કાયદો જુન ,૧૯૫૬ ૩ હિંદુ સગીર અને વાલીપણાનો કાયદો ઓગષ્ટ,૧૯૫૬ ૪ હિંદુ દત્તક કાયદો ડીસેમ્બર,૧૯૫૬

ડૉ .આંબેડકરની આર્ષદ્રષ્ટિનું પરિણામ હતું .ડૉ .આંબેડકરને હિંદુકોડ બિલ માટે ભારે મહત્વ હતું .તા- ૨૭/૦૯/૧૯૫૧ દિવસે રાજીનામું આપી આંબેડકરે પ્રધાનપદનો ત્યાગ કર્યો .સ્ત્રીઓના સુધારણારૂપી યજ્ઞમાં પ્રધાનપદાના સમિધ અર્પી દીધા

**ડો બાબાસાહેબ કરેલા આંદોલન**

મહાડ આંદોલન 1027. મોહાલી આંદોલન 1939. અંબા દેવી મંદિર પ્રવેશ આંદોલન 192 7. કાલારામ મંદિર આંદોલન1930. પુણે કોન્સિલ આંદોલન 1946. નાગપુર આંદોલન1946. લખનો આંદોલન 1947 મુખેડા આંદોલન 1931 વગેરે

**ડો બાબાસાહેબ સ્થાપેલી સંસ્થાઓ**

બહિષ્કૃત હિતકારિણી સભા 1924. સમતા સૈનિક દળ 1927. સ્વતંત્ર મજુર પાર્ટી 1936 . શેડ્યૂલ કાસ્ટ ફેડરેશન 1942. રિપબ્લીકન પાર્ટી ઓફ ઇન્ડિયા. ભારતીય બોધ્દ મહાસભા 1955. ડિપ્રેસ ક્લાસ એજ્યુકેશન સોસાયટી ૧૯૨૮. પીપલ્સ એજ્યુકેશન સોસાયટી 1945. સિધ્દ્રાર્થ કોલેજ 1946. વગેરે

**ડો બાબાસાહેબ શરૂ કરેલા સમાચાર પત્રો અને પત્રિકા**

આંબેડકર એક સફળ પત્રકાર અને શ્રેષ્ઠ અસરકારક સંપાદક પણ હતા. તેઓ અખબારો નું મહત્વ જાણતા હતા, અખબારો દ્વારા તેઓ માનતા હતા કે સમાજ પ્રગતિ કરશે. તેમણે આંદોલનમાં અખબારને ખૂબ મહત્વનું માન્યું. તેમણે શોષિત અને દલિત સમાજમાં જાગૃતિ લાવવા માટે ઘણાં પત્રો અને પાંચ પત્રિકા,સામયિકો પ્રકાશિત અને સંપાદિત કર્યા છે. તેનાથી તેમના દલિત આંદોલનને આગળ વધારવામાં મદદ મળી.

**મુકનાયક 31 જાન્યુઆરી 1920.**

કોલ્હાપુરમાં કાર્યકર દંત્તોબા  સંતરામ પવારના પ્રયત્નોને કારણે મહારાજા શાહુજી અને ડો. આંબેડકર નું મિલન થયું. દલિતોના ઉત્થાન માટે બંને નેતા મિત્ર થયા. મિત્રતા નું પરિણામ એટલે મુકનાયક જન્મ મહારાજાએ અઢી હજારની સહાય કરી મુકનાયક નામનું પાક્ષિક ડો આંબેડકર શરૂ કર્યું.તેના તંત્રી તરીકે વરાળના બહાર યુવાન પાંડુરંગ નંદરામ ભટકર રાખ્યા. 31 જાન્યુઆરી 1920પ્રથમ અંક પ્રકાશિત થયો હતો

**બહિષ્કૃત ભારત 3 એપ્રિલ 1927.**

બ્રિટિશ સરકારે મહાર યુવકોને  સૈન્ય ભરતી માંથી બાકાત કર્યો. તેની સામે 1927 ડો આંબેડકર ઉગ્ર આંદોલન કર્યું, આ સમયે ચવડારઆંદોલન કર્યું, તેથી તળાવમાં શુધ્દ્રિકરણ કરવામાં આવ્યું .અને બાબાસાહેબ ઉપર અને ટીકા ટિપ્પણીનો વરસાદ કરવામાં આવ્યો. તેનો જવાબ આપવા ત્રીજી એપ્રિલ 1927માં બહિષ્કૃત ભારત નામ પાક્ષિક શરૂ કરવામાં આવ્યું તેનું સંપાદન ખુદડો .આંબેડકર દ્વારા કર્યું હતું. આ પાક્ષિક બોમ્બેથી પ્રકાશિત થયું હતું.

**સમતા  29 જૂન 1928**

દેવરાવ વિષ્ણુ નાઈકના તંત્રીપદ હેઠળ  **29 જૂન 1928 સમતા** નામનું પાક્ષિક શરૂ કરાવ્યું ડોકટર આંબેડકર ગોળમેજી પરિષદ અને અન્ય કામોમાં એટલા બધા ગળાડૂબ રહેવા લાગ્યા તેથી સમાજ સમતા સંઘ અને સમતા સામાજિક માં પૂરતું ધ્યાન આપી શક્યા નહીં

**જનતા 1930 24 ફેબ્રુઆરી 1930**

સમતા પાક્ષિક બંધ થયા પછી ડો આંબેડકરે તેને 'જનતા' ના નામથી ફરીથી પ્રકાશિત કર્યું. આ પખવાડિયાનો પહેલો અંક 24 ફેબ્રુઆરી 1930 ના રોજ પ્રકાશિત થયો હતો. 31 ઑક્ટોબર 1930 ના રોજ તે સામાહિક બન્યું. 1944

માં, બાબાસાહેબે તેમાં હમ  શાસક કોમ બનેંગે શીર્ષક હેઠળ અનેક પ્રખ્યાત લેખો લખ્યો, આ  પાક્ષિક માં ડો બાબા સાહેબ આંબેડકર દલિતોના પ્રશ્નોને વેગવંતા કરવાનું કાર્ય કર્યું હતું

**પ્રબુધ્ધ ભારત 4 ફેબ્રુઆરી 1956**

ડો આંબેડકર 4 ફેબ્રુઆરી 1956 માં જનતા પાક્ષિક નું નામ બદલીને પ્રબુધ્ધ ભારત પાક્ષિકની ચલાવવામાંઆવે છે

**ડો બાબાસાહેબ આપેલા વિશેષ વ્યાખ્યાન**

ડો બાબાસાહેબ પોતાના જીવનકાળ દરમ્યાન જુદા-જુદા વિષયો ઉપર લગભગ 527 પણ વધારે વ્યાખ્યાનો આપ્યાં છે જેમાંના ઘણા વ્યાખ્યાનો હાલ google ઉપર ઉપલબ્ધ છે જે  યુવા પેઢીને મોટીવેશન માટે ખૂબ જ ઉપયોગી છે

**ડો બાબાસાહેબ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સન્માન**

બોધિસત્ત્વ (1956),  ભારત રત્ન 1990.  સિમ્બોલ ઓફ નોલેજ. The Greatest Man In The World  Columbia University.The University Maker  O.Ford University. 2012 The Greatest  Indian Cnn Ibn And History.

**ડો બાબાસાહેબ ની લાયબ્રેરી વસાવેલાં પુસ્તકો**

અંગ્રેજી સાહિત્યના પુસ્તકો  1300. રાજનીતિ વિષયને લગતા પુસ્તકો 3000 . યુધ્ધ શાસ્ત્રના પુસ્તકો 300. અર્થશાસ્ત્ર વિષયને લગતા પુસ્તકો  1100.  ઇતિહાસ વિષયને લગતા પુસ્તકો  2600.  ધર્મ અને દર્શન શાસ્ત્રને લખતા પુસ્તકો 2000 . કાયદા શાસ્ત્ર ના પુસ્તકો 5000 . સંસ્કૃત વિષય સાહિત્યના પુસ્તકો 200 . મરાઠી માતૃભાષા વિષયના પુસ્તકો 800.  હિન્દી નાં  પુસ્તકો  500. તત્વજ્ઞાન વિષયનાં પુસ્તકો 600 .વિવિધ રિપોર્ટ 1000.  પત્ર અને વ્યાખ્યાનો ના પુસ્તકો 600 . વિવિધ મહાનુભાવોની આત્મકથાઓ 1200 . એન્સાઇક્લોપીડિયા ઓફ બ્રિટાનિકા ભાગ 1 થી 29. એન્સાઇક્લોપીડિયા ઓફ  સોશિયલ સાયન્સ ભાગ 1 થી 15 .કેથોલિક એન્સાઇક્લોપીડિયા 1 થી 12 .એન્સાઇક્લોપીડિયા ઓફ એજ્યુકેશન .હિસ્ટોરીયન્સ હિસ્ટ્રી ઓફ ભાગ 1 થી 25. દિલ્હીમાં રાખેલા પુસ્તકો બૌધ્ધ ધર્મ પાલી સાહિત્ય મરાઠી સાહિત્ય ને લગતા પુસ્તકો લગભગ 2000થી વધારે તેમજ અન્ય વિષયનાં પુસ્તકો 2305 આ ઉપરાંત આંબેડકર જ્યારે અમેરિકાથી ભારત આવી રહ્યા હતા ત્યારે જળ અકસ્માતમાં એક બોટ ડૂબી જવાના કારણે અને અલભ્ય પુસ્તકો નાશ પામ્યા છે જેમનો અજંપો ભીમરાવને જીવનના અંત સમય સુધી રહ્યો હતો.

## ડો બાબાસાહેબ મળેલા વિશેષણો

મહાન સમાજશાસ્ત્રી, અર્થશાસ્ત્રી, બંધારણ ના શિલ્પી, કાયદા શાસ્ત્રી, તત્વચિંતક, દર્શન શાસ્ત્રી, ઇતિહાસવિદ્, પ્રખર વિદ્વાન માનવ અધિકારના મસીહા , મહિલાઓના મુક્તિદાતા , દલિતોના મસીહા , મહાન લેખક , પટેલ શ્રેષ્ઠ પત્રકાર, શ્રેષ્ઠ સંશોધક , શ્રેષ્ઠ શિક્ષણશાસ્ત્રી , આધુનિક ભારતના નિર્માતા , બોધિસત્વ, મજુરોના મુક્તિદાતા , પ્રખર રાજનીતિજ્ઞ ,વિજ્ઞાનવાદી વિચારધારાના સમર્થક. અનેક...

## વિશ્વ નેતા ડો બાબાસાહેબ ની વિશેષતાઓ

- પાણી માટે આંદોલન કરનાર , મહાપુરુષ મંદિર પ્રવેશ માટે આંદોલન કરનાર મહાનાયક, માનવ અધિકારો તેમજ સ્ત્રી અધિકારો માટે આંદોલન કરનાર અને સફળતા પ્રાપ્ત કરનાર એક પ્રખર સમાજસુધારક
- લન્ડન યુનિવર્સિટીની લાઇબ્રેરીમાં તમામ પુસ્તકો નું અધ્યયન કરી જીવનમાં ઉતારનાર વિશ્વનો તેજસ્વી વિદ્યાર્થી
- લન્ડન યુનિવર્સિટીમાં 200 વિદ્યાર્થીઓમાંથી પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર પ્રથમ ભારતીય વિદ્યાર્થી
- ભારતીય મધ્યસ્થ બેંક રિઝર્વ બેંક નો વિચાર આપનાર મહાન અર્થશાસ્ત્રી
- બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ ભારતને આર્થિક રીતે પાયમાલ કર્યું છે એવું બ્રિટનની ભૂમિ પર કર નાર પ્રથમ ભારતીય મહાપુરુષ.
- જાતિભેદ નો ખંડ કરનાર વીર પુરુષ
- વિશ્વના સર્વશ્રેષ્ઠ ૬ વિદ્વાનોમાં ના એક વિદ્વાન
- સમગ્ર વિશ્વમાં સૌથી વધારે ડો બાબા સાહેબ આંબેડકર ના પુંતળાં સ્થપાયેલા છે
- લન્ડન યુનિવર્સિટીમાં ડી એસ સી ઉપાધિ પ્રાપ્ત કરનાર ભારતનો પ્રથમ અને અંતિમ વિદ્યાર્થી

- લન્ડન યુનિવર્સિટીમાં આઠ વર્ષનો અભ્યાસક્રમ માત્ર ત્રણ વર્ષમાં પૂર્ણ કરનાર ભારતનો એકમાત્ર તેજસ્વી વિદ્યાર્થી

**બાબાસાહેબની શૈક્ષણિક સિદ્ધિઓ**

બી.એ ,એમ.એ, એમ એએ સી, ડી એસ સી, પી.એચ.ડી, એલ એલ.ડી, ૧૯૦૭માં મૅટ્રીકની પરીક્ષામાં ઉત્તીર્ણ. ૧૯૧૨માં એલ પિસ્ટન એલફીસ્ટન કોલેજમાંથી બી.એ.ની ડિગ્રી પ્રાપ્ત કરી. 1913માં ન્યૂઅર્ક કોલંબિયા યુનિવર્સિટીમાં ઉચ્ચ અભ્યાસ માટે પ્રવેશ. ૧૯૧૫માં પ્રાચીન ભારતનો વ્યાપાર વિશે સંશોધન નિબંધ રજૂ કરી એમ.એ.ની પદવી પ્રાપ્ત કરી. ૧૯૧૬માં નૃવશાસ્ત્રના સેમિનારમાં કાસ્ટ ઇન ઇન્ડિયા ભારતમાં જાતિઓ પેપર રજૂ કર્યું। ૧૯૧૬માં બ્રિટિશ ભારતમાં પ્રાંતીય અર્થવ્યવસ્થાની ઉત્ક્રાંતિ મહાનિબંધ લખી પીએચડીની પદવી પ્રાપ્ત કરી. ૧૯૧૬માં વધુ અભ્યાસ માટે અમેરિકાથી ઇંગ્લેન્ડ ગયા લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સ એન્ડ પોલિટીકલ સાયન્સ ડી એસ સી, પ્રવેશ મેળવ્યો. ૧૯૨૧માં એમ એસ સી ની પદવી પ્રાપ્ત કરી. ૧૯૨૩માં D sc નો મહાનિબંધ THE PROBLEM OF RUPEE ITS ORIGIN AND ITS SOLUTION ગ્રંથ સ્વરૂપે પ્રકાશિત થયો અને DI એસ SI ની પદવી પ્રાપ્ત કરી.

**બાબાસાહેબનેસમર્પિત સ્મારકો અને સંગ્રહાલયો**

આંબેડકરની યાદમાં વિશ્વભરમાં ઘણા સ્થાપત્ય સ્મારકો અને સંગ્રહાલયો બનાવવામાં આવ્યા છે. ઘણાં સ્મારકોમાં ઐતિહાસિક યાદો સંગ્રહિત કરવામાં આવેલી છે સંગ્રહાલયોમાં તેમની વિવિધ વસ્તુઓનો સંગ્રહ છે- નાગપુર માં આવેલું ડો બાબાસાહેબ આંબેડકર વસ્તુ સંગ્રહાલય 'શાંતિવન' – ચિચોલી ગામ ( નાગપુર જિલ્લો); તેમાં, આંબેડકરના વ્યક્તિગત ઉપયોગની વસ્તુઓ રાખવામાં આવી છે. આંબેડકર મણિમડપમ – ચેન્નાઇ,આંબેડકર મેમોરિયલ પાર્ક – લખનઉ, ઉત્તર પ્રદેશ, ; ડો આંબેડકરનું જન્મસ્થળ ભીમ જન્મભૂમિ – આંબેડકર નગર (મહુ), મધ્યપ્રદેશ. ડો આંબેડકર રાષ્ટ્રીય સ્મારક – 26 અલીપુર રોડ, નવી દિલ્હી, ડો.બાબાસાહેબ આંબેડકર સામાજિક ન્યાય ભવન– મહારાષ્ટ્ર; રાજ્યના લગભગ દરેક જિલ્લામાં બાંધવામાં આવેલ સરકારી સ્થાપત્યો,ડો. બી. આર. આંબેડકર મેમોરિયલ પાર્ક ( ડો. બી. આર. આંબેડકર સ્મૃતિ ભવન) – અમરાવતી, આંધ્રપ્રદેશ; આંબેડકરની 125 ફૂટ ઉચી પ્રતિમા અહીં બનવા જઈ રહી છે.ડો .બાબાસાહેબ આંબેડકર

ISSN 2454-8596
www.MyVedant.com

VIDHYAYANA
An International Multidisciplinary Research E-Journal

સ્મારક ( સ્ટેચ્યુ ઓફ ઇક્વાલિટી) – મુંબઇ, મહારાષ્ટ્ર; આંબેડકરની 450 ફૂટ ઉચી પ્રતિમા અહીં બનવા જઇ રહી છે.ચૈત્યભૂમિ – મુંબઇ, મહારાષ્ટ્ર; આંબેડકરની સમાધિ,ભીમરાવ આંબેડકરની પ્રતિમા – કોયસન યુનિવર્સિટી, જાપાન, ડો ભીમરાવ રામજી આંબેડકર મેમોરિયલ – લંડન, યુનાઇટેડ કિંગડમ; આંબેડકર લંડનમાં અભ્યાસ દરમિયાન અહીં રહેતા હતા (1921-222). આંબેડકર આંતરરાષ્ટ્રીય કેન્દ્ર – દિલ્હીના, ડો ભારતરત્ન ડો.બાબાસાહેબ આંબેડકર સ્મારક – એરોલી, મુંબઇ, મહારાષ્ટ્ર, રાંજગ્રહ – દાદર, મુંબઇ, મહારાષ્ટ્ર; આંબેડકરનું ઘર, ડો.બાબાસાહેબ આંબેડકર મ્યુઝિયમ અને સ્મારક – પુણે, મહારાષ્ટ્ર; રાષ્ટ્રીય સંગ્રહાલય, ડોબાબાસાહેબ આંબેડકર રાષ્ટ્રીય સ્મારક – મહાડ, મહારાષ્ટ્ર ,અહીથી આંબેડકરમાં મહાડ સત્યાગ્રહ કર્યો હતો, ભારત રત્ન ડો.બાબાસાહેબ આંબેડકર મુક્તિ ભૂમિ સ્મારક – યેવાલા, નાસિક જિલ્લા, મહારાષ્ટ્ર; અહીં આંબેડકરે ધર્મપરિવર્તનની ઘોષણા કરી હતી,દીક્ષાભૂમિ – નાગપુર, મહારાષ્ટ્ર; અહીં આંબેડકરે બૌધ્દ ધર્મ સ્વીકાર્યો,સંકલ્પ ભૂમિ વડોદરા ગુજરાત. આ ઉપરાંત અનેક સ્થાપત્યો તેમજ સંગ્રહાલયો આવેલા છે તેમની પ્રતિમાઓ દેશ અને દુનિયામાં અસંખ્ય સ્થાપેલ છે જે આપણા રાષ્ટ્રનું ગૌરવ છે

## મૂલ્યાંકન

બહુ આયામી પ્રતિભાશાળી વ્યક્તિત્વ ધરાવનાર મહામાનવ બોધિસત્વ મહાપુરુષ રાષ્ટ્રવાદી નેતા ડો ભીમ રાવ આંબેડકર ને આપણે કોઇ એક જાતિ કે જ્ઞાતિના નેતા તરીકે ગણાવ્યા છે. તે આપણા અધૂરા જ્ઞાનનું પ્રદર્શન છે ડો બાબા સાહેબ આંબેડકર કોઈ એક જ્ઞાતિ કે જાતિના નેતા નહીં પરંતુ સમગ્ર ભારત અને સમગ્ર વિશ્વના નેતા છે. જે ભારતનું ગૌરવ ગણી શકાય. તેઓએ સમગ્ર જીવન ભારતની સામાજિક, આર્થિક, રાજકીય અને ધાર્મિક સમસ્યાઓના નિરાકરણ માટે ખર્ચી નાખ્યું એટલું જ નહીં તેમને પોતાના પરિવાર ને પણ રાષ્ટ્રના કલ્યાણ માટે કુરબાન કર્યો હતો આ મહાપુરુષના મહાપરિનિર્વાણ 6 ડિસેમ્બર ઇ.સ 1956માં થયું છે

अर्थशास्त्र का नोबेल पुरस्कार जीत चुके अर्थशास्त्री प्रो. अमर्त्य सेन , डॉ. बी. आर अम्बेडकर को अर्थशास्त्र में अपना पिता मानते हैं

## સંદર્ભ સૂચિ

૧. જ્યોતીકર પ્રા).ડૉ (.પી.જી" .ડૉ .બાબાસાહેબ આંબેડકર જીવનચરિત્ર "પ્રથમ આવૃત્તિ ,સપ્ટેમ્બર ૧૯૯૫ ,અમદાવાદ,

૨ સિંધવ ગણેશ 'બાદલ 'બંધ દિશાનો ઊઘાડ 'બીજી આવૃત્તિ ૨૦૦૩ ,અમદાવાદ ,

3. રમેશચંદ્ર પરમાર સમાજસુધારક આંબેડકર ગુર્જર સાહિત્ય ભવન અમદાવાદ 2015 પૃ 39

૪ ખુમાણ મૂળજીભાઈ વી" .વિશ્વભૂષણ ડૉ .બાબાસાહેબ આંબેડકર)"માનસ અને તત્વવિચાર (પ્રથમ આવૃત્તિ ,૨૦૦૩ ,અમદાવાદ ,

૫ ગોહેલ નટવર 'મહામાનવ ડૉ.આંબેડકર ,'પ્રથમ આવૃત્તિ, ૨૦૦૯,

૬ રાજેન્દ્રમોહન ભટનાગર યુગપુરુષ આંબેડકર ગુર્જર  સાહિત્ય ભવન અમદાવાદ પ્રથમ આવૃત્તિ 2015

૭ ડો નાથાલાલ ગોહિલ ભારત રત્ન ડોક્ટર ભીમ રાવ આંબેડકર ગુર્જર સાહિત્ય ભવન અમદાવાદ પ્રથમ આવૃત્તિ 2004

८ राम गोपाल सिंह डॉ अंबेडकर सामाजिक न्याय एवं परिवर्तन नेशनल पब्लिशिंग हाउस जयपुर

९ हीरेन जे बारोट दलित एवं मानवाधिकार पैराडाइज पब्लिस जयपुर 2018

૧૦ સંપાદન ડો રાજા એન કાથડ ડો આંબેડકરનું રાષ્ટ્રદર્શન પ્રકાશન બાબાસાહેબ ડો બી આર આંબેડકર ચેર સેન્ટર સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ.

૧૧ રાજેન્દ્રમોહન ભટ્ટનાગર યુગપુરુષ આંબેડકર ગુર્જર સાહિત્ય ભવન અમદાવાદ.